<u>તાત્કાલિક</u>

ક્રમાંકઃ બમશ/૧૧૦૫/૧૩૬૩/ગ,
ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ

28 SEP 2005

પ્રતિ,
કમિશ્નરશ્રી,
મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરી,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
<u>ગુજરાત રાજય, ગાંધીનગર.</u>

વિષય :- બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિમણુંક પામેલા સહાયકએ જુદી જુદી શાળાઓમાં બજાવેલ છુટક સેવાઓ પાંચ વર્ષની ગણતરી માટે જોડી આપવા તેમજ સહાયકોને પાંચ વર્ષ પુરા થતાં જે તે સંવર્ગમાં સમાવવા એક સુત્રતા જાળવવા બાબત.

સંદર્ભ :- (૧) કમિશ્નરશ્રી, મ. ભો. યો. અને શાળાઓની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના તા.૧/૪/૦૫ના પત્ર ક્રમાંકઃ હ-૧/અડટ/જીઆઇએ/૦૪/૦૫/૨૪૫૧
(૨) શિક્ષણ વિભાગના તા.૨/૭/૯૯ નો ઠરાવ ક્રમાંકઃ બમશ/૧૧૯/૭૪૧/ (૨)/ગ,

ઉપર્યુકત વિષય અને સંદર્ભ પરત્વે આજ્ઞાનુસાર જણાવવાનું કે, કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરના તા.૧/૪/૦૫ ના પત્ર ક્રમાંકઃ હ-૧/અડટ/જીઆઇએ/૦૪/૦૫/૨૪૫૧ ના સંદર્ભમાં કરવામાં આવેલ દરખાસ્તના ફકરા ૧, ૨, અને ૪ મુજબની કાર્યવાહી કરવા મંજુરી આપવામાં આવે છે. જ્યારે ફકરા ૩ અનુસંધાને જો કોઇ શિક્ષણ સહાયકને શાળામાં વર્ગ સંખ્યા/ વિદ્યાર્થી સંખ્યા ઘટવાને લીધે અથવા આખી શાળા વહીવટી કારણોસર બંધ કરવામાં આવેલ હોય અને તેને લીધે સહાયકોને છુટા થવું પડયું હોય તો જયારે તે પુનઃ જે તે સહાયક તરીકે પોતાની કે અન્ય શાળામાં જોડાય તો તેમની અગાઉની સેવાનો સમય ૫ વર્ષની ગણતરીમાં લઇને ૫ વર્ષ પુરા થયે ગણવાના અને તેને પુરા પગારમાં મુકવાના રહેશે તેવો સરકારશ્રીએ નિર્ણય લીધેલ છે. કમિશ્નરશ્રીની દરખાસ્ત સાથે મળેલ દરખાસ્તનો નમુનો તથા આદેશના નમૂનાને મંજુરી આપવામાં આવે છે. તદ્અનુસાર સંબંધિતોને જાણ કરવાની આગળની કાર્યવાહી કરવા કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગરને જણાવવામાં આવે છે.

( મનહર આર. ચૌધરી )
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

<u>નકલ રવાના :-</u>
- પ્રમુખશ્રી, ગુજરાત રાજય માધ્ય. શાળા વહીવટી કર્મચારી સંઘ, મહામંડળ, તરફ જાણ માટે
- સંબંધિત ફાઇલોના રેકર્ડ માટે.
- નાયબ સેકશન અધિકારીશ્રી/ સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ/ ગ- શાખા.